ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત વન સેવા મહાવિદ્યાલય, બીલપૂડીને મળેલ બિન શૈક્ષણિક જગ્યા ભરવા માટેના પત્ર ક્રમાંક: ગ્રા.વિ./NOC/23/593-95 તા. 07/10/2023 ની NOC અન્વયે ગૃહપતિ વર્ગ-3 સંવર્ગ અંગેની ભરતી અંગેના નિયમો અને વિગતવાર સુચનાઓ

તા.

---

1. અરજી કરતાં પહેલાં કોલેજની વેબસાઈટ www.brscollege.in માં Recruitment Jun/August 2026માં 1 થી 12 અનુસારની વિગતવાર સુચનાઓ, શરતો અને નિયમો તથા સમગ્ર જાહેરાત અરજી કરતા ઉમેદવારે પોતે ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજી કરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે ઉમેદવારી રદ થવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.
2. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સુચનાઓ કોલેજની વેબસાઈટ www.brscollege.in પર મુકવામાં આવેલ છે. અને જરૂરી સૂચનાઓ વખતોવખત વેબસાઈટ www.brscollege.in ઉપર મુકવામાં આવશે જેથી નિયમિત વેબસાઈટ ચકાસતા રહેવું.
3. સરકારશ્રીના શિક્ષણ વિભાગ,ગાંધીનગરનાં તા.31/12/2025ના પત્ર ક્રમાંક:ED/1129/12/2025 મુજબ સદર એન.ઓ.સી.હેઠળ મંજુર કરવામાં આવેલ સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે લાયકાતના ધોરણો, ઉંમર, લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ,પરીક્ષાનું માળખું વગેરે બાબતે સામાન્ય વહીવટ વિભાગ/નાણાવિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ, શિક્ષણ વિભાગ તથા સંસ્થાને સંલગ્ન યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલ પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.
4. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રવર્તમાન નિયમોને આધારે ભરતી કરવામાં આવશે.
5. સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ શારીરિક યોગ્યતા,ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો,અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો,ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો-1967 નાં ભાગ- 3 અને ભાગ-4 માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ પડશે.
6. પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે ઉમેદવારની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં

વનસેવા મહાવિદ્યાલય બીલપુડી
ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન
તા.ધરમપુર,(૩૯૬૦૫૦) જિ.વલસાડ

7. જે ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છુટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.
8. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક ધોરણે 12 પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહીં. તે સિવાય અન્ય કોઈ રજા ભોગવશે તો રજાના પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિની રજાઓ મળવાપાત્ર થશે.
9. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણવિભાગ દ્વારા તા.21/04/94ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપુર્ણપણે પાલન કરવાનું બંધન કર્તા રહેશે. જે અંગે ઉમેદવારે સંમતિપત્ર સંસ્થાને નિમણૂંક આપતા પહેલા આપવાનું રહેશે.
10. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી. ની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વ મંજુરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરનો રહેશે.
11. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.
12. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.
13. NOCની તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર સંબંધિત સંસ્થાને આપવાનું રહેશે.
14. અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેઓને બિન અનામતના ધારાધોરણો લાગુ પડશે.
15. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ ખાતાની કચેરીના વડાની સાથે પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.
16. ઉમેદવારે કરેલ અરજીની કોઈ પણ વિગત ખોટી કે ક્ષતિયુક્ત માલુમ પડશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.
17. ઉપરોક્ત શરતો ઉપરાંત સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી કરવામાં આવે તો તે પણ બંધનકર્તા રહેશે.
18. સરકારશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અત્રે અરજી કરી શકશે નહીં.

વનસેવા મહાવિદ્યાલય ચીલપુડી
ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન
તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ.વલસાડ

19. ભરતી પ્રક્રિયા અંગે ભરતી પ્રક્રિયા દરમિયાન રાજ્ય સરકાર જે નવા નિયમો ઘડે તે અરજી કરનારને બંધનકર્તા રહેશે.

20. નિયત શૈક્ષણિક લાયકાત અને પ્રોસેસિંગ ફી સિવાયની અધૂરી વિગતોવાળી અને જાહેરાત તારીખથી 15 દિવસની સમયમર્યાદા પછી મળેલ અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

21. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

22. <u>જગ્યાની વિગતો:</u>

સંવર્ગ અનુસાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	સંવર્ગનું નામ	જગ્યાની સંખ્યા	શૈક્ષણિક લાયકાત	કેટેગરી	વય મર્યાદા	પગાર ધોરણ
1	ગૃહપતિ (પુરુષ)	1 (એક)	સ્નાતક	બિન અનામત	35 વર્ષ	પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર 31,340/-

23. <u>નાગરિકત્વ:-</u>

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,1967ના નિયમ – 7 ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

24. <u>કોમ્પ્યૂટરની જાણકારી (ઇચ્છનીય) :-</u>

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.13/08/2008 તેમજ તા.18/03/2016ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/10/2007/120320/ગ.5 થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ-10 અથવા ધોરણ-12 ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની

વનસેવા મહાવિદ્યાલય ધરમપુર * ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત * વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન * તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ.વલસાડ

પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

25. <u>વયમર્યાદા:</u>

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

કેટેગરી	છૂટછાટ	મહત્તમ વયમર્યાદા
સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને	5 વર્ષ	-
અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને	5 વર્ષ	-
અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (5+5=10)	10 વર્ષ	મહત્તમ વયમર્યાદા 45 વર્ષ
સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને	10 વર્ષ	મહત્તમ વયમર્યાદા 45 વર્ષ
સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (10+5=15)	15 વર્ષ	મહત્તમ વયમર્યાદા 45 વર્ષ
અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (5+10=15)	15 વર્ષ	મહત્તમ વયમર્યાદા 45 વર્ષ
અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (5+10+5=20)	20 વર્ષ	મહત્તમ વયમર્યાદા 45 વર્ષ
માજી સૈનિક ઉમેદવારો	ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.	

❖ પુરૂષ ઉમેદવારોને જ લાગુ પડશે.

26. <u>પરીક્ષા પદ્ધતિ - ગૃહપતિ</u>

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: ભરત/102023/638937/ક સચિવાલય, ગાંધીનગર. તા: 16/12/2025 (બિડાણ 1) તથા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: ભરત/102023/638937/ક સચિવાલય, ગાંધીનગર. તા: 08/11/2023 (બિડાણ 2)ના પરિપત્ર અનુસાર ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અને નિયમો લાગુ પડશે.

વનબંધુ મહાવિદ્યાલય ડોલવણ ★ ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત ★ વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન ★ તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ.વલસાડ

ગૃહપતિ માટેનો અભ્યાસક્રમ સંવર્ગ અનુસાર અલગથી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. સદર અભ્યાસક્રમ જાહેરાત તારીખે નિયત કરેલ છે. વખતોવખત ગુજરાત ગૌણ સેવા મંડળ/નાણા વિભાગ/સામાન્ય વહીવટ વિભાગ/જોડાણ ધરાવતી યુનિવર્સિટી દ્વારા કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે ત્યારે વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. ત્યારે ઉપર મુજબનો અભ્યાસક્રમ રદબાતલ ગણાશે.

27. **<u>પરીક્ષાનું આયોજન:</u>**

પરીક્ષાનું કેન્દ્ર અગાઉથી જાહેર કરવામાં આવશે. જેનું કાર્યક્ષેત્ર વલસાડ જીલ્લા/સંલગ્ન યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર રહેશે. જે આપને બંધનકર્તા રહેશે.

વનસેવા મહાવિદ્યાલય ધરમપુર ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ. વલસાડ

પરિશિષ્ટ-1 (૧૨)

તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પરીક્ષા પદ્ધતિમાં પ્રશ્નપત્રનું માળખુ સુધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૬/૧૨/૨૦૨૫

વંચાણે લીધા:-

સા.વ.વિભાગનો તા.૦૮/૧૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક

પ્રસ્તાવના:

ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવથી તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના પરીક્ષા નિયમો નક્કી થયા ન હોય તેવા સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

આ પરીક્ષા કુલ-૨૧૦ ગુણના એક પ્રશ્નપંત્રથી લેવામાં આવે છે. આ પ્રશ્નપત્ર બે ભાગ એટલેકે Part-A (૬૦ ગુણ) અને Part-B (૧૫૦ ગુણ)માં તૈયાર કરવામાં આવે છે. Part-A Part-B એમ બંને ભાગ માટે સ્વતંત્ર લાયકી ધોરણ નિયત કરવાનું રહે છે. ઉક્ત પ્રશ્નપત્રના માળખાની સમીક્ષા કરી તેમાં જરૂરી સુધારા કરવાં અંગેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી. જે અન્વયે પુખ્ત વિચારણાના અંતે પ્રશ્નપત્રના માળખા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

ઠરાવ:

તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષા Part-A અને Part-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. આ પ્રશ્નપત્રના Part-A અને Part-B નું માળખુ આ મુજબ રહેશે:

વનસેવા મહાવિદ્યાલય વીલપુરી ★ ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત ★ વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન ★ તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ.વલસાડ

Part-A

ક્રમ	વિષય	ગુણ
૧	તાર્કિક કસોટી, Data Interpretation	૩૦
૨	ગાણિતિક કસોટી	૩૦
૩	બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન	૩૦
	કુલ ગુણ	૯૦

Part-B

ક્રમ	વિષય	ગુણ
૧	સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો	૧૨૦

વંચાણે લીધેલ સા.વ.વિ.ના તા.૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવની અન્ય તમામ જોગવાઇ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા

(રોનક મહેતા)
સંયુકત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન .રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન .મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન .મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ.
- મુખ્યસચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (પ્રધાન મહાલેખાકારશ્રી), ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
પીર નર્મદ
દ.ગુ.યુનિ.
સુરત સંલગ્ન
પનસેવા મહાવિદ્યાલય બીલીયા
તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ.વલસાડ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો) તેઓની હેઠળ આવતા સર્વે ખાતાના વડાઓ તથા ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉપર્યુક્ત સૂચનાઓની જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ.(
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.
- . સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,GSWAN ઉપર પ્રસિદ્ધિ અર્થે.

➢ નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ/શાખા પસંદગી ફાઇલ

➢ પત્ર દ્વારા



પરિશિષ્ટ - ૨ (13)

તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના પરીક્ષા નિયમો નક્કી થયા ન હોય તેવા સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૮/૧૧/૨૦૨૩

વંચાણે લીધા :

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૯-૯-૨૦૧૫નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા:૧૭-૫-૨૦૧૬નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૧-૧૦-૨૦૧૬નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૭-૦૬-૨૦૨૩નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક

પ્રસ્તાવના :

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ ના પત્રથી તાંત્રિક / બિનતાંત્રિક વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા પદ્ધતિના નિયમો નક્કી થયા નથી તેવા સંવર્ગોની પરીક્ષા પધ્ધિત નિયત કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-૨ ના પત્રથી ઉકત પરીક્ષા પધ્ધતિમાં સૂચવેલ અભ્યાસક્રમમાં સુધારો કરવામાં આવેલ હતો અને વંચાણે લીધેલ ક્રમ-૩ ના પત્રથી "કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ "નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ હતો. હવે વંચાણે લીધેલ ક્રમ-૪ પરના પત્રથી હાલમાં લેવાનાર કેટલાક તાંત્રિક સંવર્ગોની ભરતીમાં બીજા તબકકાની "કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ " રદ કરવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા સમગ્ર ભરતી પ્રક્રિયા ઝડપી બને અને.સમયબધ્ધ કાર્યક્રમને અનુલક્ષીને ભરતી લક્ષ્યાંકો પૂર્ણ થઇ શકે તેમજ પસંદગીનું ઊંચું ધોરણ જાળવીને યોગ્ય ઉમેદવારોની સરળ રીતે પસંદગી થઇ શકે તે હેતુથી પ્રવર્તમાન પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાની અને પરીક્ષા પધ્ધતિનાં બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા કરવામાં આવતી ભરતી માટે નીચે મુજબની પરીક્ષા પધ્ધતિ અનુસરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા વર્ગ-૩ ના તાંત્રિક તથા બિન-તાંત્રિક સંવર્ગોની [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા] જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

તાંત્રિક સંવર્ગો તથા બિન-તાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા] સંવર્ગો માટે

શૈક્ષણિક લાયકાત: (૧) આઇ.ટી.આઇ. /ડીપ્લોમા/ ધોરણ ૧૦ કે ૧૨ પછીનો ટેકનીકલ સર્ટીફીકેટ કોર્સ

(૨) સ્નાતક

પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

Part-A :

ક્રમ	વિષય	ગુણ
૧	તાર્કિક કસોટીઓ તથા Data Interpretation	૩૦
૨.	ગાણિતિક કસોટીઓ	૩૦
	કુલ ગુણ	૬૦

Part-B:

ક્રમ	વિષય	ગુણ
૧	બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન	૩૦
૨.	સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો	૧૨૦
	કુલ ગુણ	૧૫૦

નોંધ- અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૧) Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે.

(૨) Part- A અને Part- B બન્ને માટે સંયુકતં રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૨) Part-A તથા Part-Bનું સ્વતંત્ર(અલાયદું) Qualifying Standard રહેશે. તથા બંને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની Part-A અને Part-B માં મેળવેલા કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.

(૩) ઉમેદવારોએ Part-A અને Part-B માં મેળવેલ કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારો અરજી ચકાસણી (Document Verification) ને પાત્ર થશે.

(૪) Part-A તથા Part-B ના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૫) જે-તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઇને સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ મંડળ નિયત કરી શકશે.

(૬) M.C.Q પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવાની રહેશે. "જવાબ આપવા માંગતા નથી" નો પાંચમો વિકલ્પ રાખવાનો રહેશે.પરંતુ જે ઉમેદવારે આ વિકલ્પ પસંદ કરેલ હોય તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવાનું રહેશે નહીં. એટલે કે ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે નહીં.

(૭) પ્રતિક્ષાયાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.

(૮) જગ્યા ભરવા માટે જે સંખ્યાની જાહેરાત આપવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાને લઈને તેમાં દર્શાવેલ અનામત અને બિન અનામત દરેક કેટેગરી માટે જાહેરાતમાં દર્શાવેલ સંખ્યાના આધારે પ્રતિક્ષાયાદી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તૈયાર કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)

સરકારના સંયુકત સચિવ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

પનસેવા મહાવિદ્યાલય ડોલવણ
ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન
તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ. વલસાડ

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
* પત્ર દ્વારા

